બાલાસિનોર તાલુકા પંચાયતમાં 'પતિ-રાજ' પર તરાપ | મહિલા સશક્તિકરણના નામે ટીડીઓનો કડક સપાટો

# બાલાસિનોર તાલુકા પંચાયતની પ્રથમ સભામાં જ મહિલા સભ્યોના પ્રતિનિધિને બહાર ખદેડાયા

**નવીન** પંચાયતની પ્રથમ સાધારણ સભામાં જ વહીવટી તંત્ર આકરા પાણીએ



(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૯
બાલાસિનોર તાલુકા પંચાયતની રચના બાદ યોજાયેલી પ્રથમ સાધારણ સભામાં જ વહીવટી તંત્રએ મહિલા સશક્તિકરણના મુદ્દે અત્યંત કડક વલણ અપનાવતા રાજકીય ગરમાવો આવી ગયો છે. વર્ષોથી ચાલી આવતી 'પ્રતિનિધિ પ્રથા' અથવા 'પતિ-રાજ' પર રોક લગાવતા તાલુકા વિકાસ અધિકારીએ સ્પષ્ટ આદેશ કર્યો હતો કે સભામાં માત્ર ચૂંટાયેલી મહિલા સભ્યો જ બેસી શકશે, તેમના વતી કોઈ પુરુષ પ્રતિનિધિ હાજર રહી શકશે નહીં.

બાલાસિનોર તાલુકા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં તાલુકા વિકાસ અધિકારી અવનીબેન તાબિયાર અને વિસ્તરણ અધિકારી નીતાબેન પટેલે વહીવટી શિસ્તનો પરિચય આપ્યો હતો. આ સભાની શરૂઆતમાં જ ટીડીઓ અવનીબેન તાબિયારે મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, મહિલા સભ્યોએ પોતે જ ફરજિયાત હાજર રહીને પંચાયતની કામગીરીમાં ભાગ લેવો પડશે. આ સૂચના છતાં સભાખંડમાં હાજર રહેલા મહિલા સભ્યોના પતિઓ કે અન્ય પ્રતિનિધિઓને તાત્કાલિક ખંડની બહાર જવા આદેશ કરાયો હતો, જેના કારણે સભામાં એકાએક ખડભડાટ મચી ગયો હતો.

આ હંગામા બાદ સભાની કાર્યવાહી આગળ વધી હતી, જેમાં નવીન તાલુકા પંચાયત માટે ફાળવાયેલી જમીન પર વહેલી તકે બાંધકામ શરૂ કરવા બાબતે ચર્ચા થઈ હતી. ટીડીઓ દ્વારા જિલ્લા પંચાયતમાં આ અંગે વહેલી તકે કામગીરીની નોંધ કરી પ્રક્રિયા શરૂ કરવા જાણ કરાઈ હતી. આ ઉપરાંત, પંચાયત પ્રમુખ અને કારોબારી અધ્યક્ષ રામસિંહ સોલંકી દ્વારા ન્યાય સમિતિ અને અન્ય મહત્વની સમિતિઓની રચના અંગે વિસ્તૃત વિચારણા કરવામાં આવી હતી.

આ સભામાં જિલ્લા પંચાયત સભ્ય ઈન્દ્રજીતસિંહ ચૌહાણ અને અલ્પાબેન વસાવા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્રના આ કડક વલણની પંથકમાં પ્રશંસા થઈ રહી છે, કારણ કે આનાથી મહિલા લોકપ્રતિનિધિઓ સાચા અર્થમાં સશક્ત બની પોતાની ફરજ બજાવતા થશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## નડિયાદ આરટીઓમાં કંડક્ટર લાયસન્સ માટે ભારે ધસારો




ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદની પ્રાદેશિક પરિવહન કચેરી (RTO) ખાતે છેલ્લા કેટલાક દિવસોથી એસટી નિગમની કંડક્ટર ભરતી પ્રક્રિયાને પગલે લાયસન્સ મેળવવા માટે યુવાનોની લાંબી કતારો જોવા મળી રહી છે. દરરોજ અંદાજે 150 થી 200 જેટલા અરજદારો ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી લાયસન્સ માટે અરજી કરી રહ્યા હોવાથી આરટીઓ સ્ટાફ પર કામગીરીનું ભારે દબાણ ઊભું થયું હતું. જોકે, સરકારે ઉમેદવારોની મુશ્કેલીને ધ્યાને રાખીને લેખિત પરીક્ષા માટે સ્લોટ બુકિંગ વગર પણ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે તેવી છૂટછાટ આપતા હવે કચેરીમાં ધસારો ઓછો થયો છે અને કામગીરી રાબેતા મુજબ થઈ રહી છે. આરટીઓ કચેરીના આંકડા મુજબ, 1 જૂનથી અત્યાર સુધીમાં 1500 જેટલા ઉમેદવારોએ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને કંડક્ટર લાયસન્સ મેળવી લીધા છે.

નડિયાદ સ્થિત કેડીસીસી બેન્કના બાકીદારો સામે કાર્યવાહી

# ચેક રિટર્ન કેસમાં બે શખસને ૩-૩ મહિના કેદની સજા કરાઈ

**કેડીસીસીના** આંકલાવ અને ડાકોર શાખાના બાકીદારો સામે કાયદાકીય સકંજો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯
નડિયાદ સ્થિત ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લિ. (કેડીસીસી બેંક) નડિયાદની આંકલાવ અને ડાકોર શાખાના બે બાકીદારો સામેના ચેક રિટર્ન કેસમાં નડિયાદની અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે બંને આરોપીઓને ત્રણ માસની સાદી કેદની સજા ફટકારી છે, જેના પગલે ચેક રિટર્ન કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આંકલાવ શાખામાંથી ધિરાણ લેનાર રમેશભાઈ ધુળાભાઈ પટેલ (રહે. અંબાલીપુરા, આંકલાવ) એ લોનની બાકી રકમની પરત ચુકવણી પેટે 1,65,993/- નો ચેક બેંકને આપ્યો હતો. આ ચેક રિટર્ન થતા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. નડિયાદના પાંચમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.એમ. ગાંધીની અદાલતે રમેશભાઈને તકસીરવાર ઠરાવી ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. જો આરોપી ૩૦ દિવસમાં દંડની રકમ નહીં ભરે તો વધુ ૧૫ દિવસની સાદી કેદ ભોગવવી પડશે.

અન્ય એક કિસ્સામાં, બેંકની ડાકોર શાખાના બાકીદાર તખતસિંહ ડાહ્યાભાઈ સોલંકી (રહે. માસરા, તા. ઠાસરા) એ 97,734/- નો ચેક આપ્યો હતો જે રિટર્ન થયો હતો. આ કેસમાં પણ જજ એમ.એમ. ગાંધીએ પુરાવાઓની ચકાસણી બાદ આરોપી તખતસિંહને તકસીરવાર ઠરાવી ત્રણ માસની સાદી કેદની સજા ફટકારી છે. આ કેસમાં પણ દંડની રકમ સમયસર ન ભરાય તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજાનો આદેશ કરવામાં આવ્યો છે. આ ચુકાદાથી બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

# આણંદ તાલુકાના લાભાર્થી માટે આજે ઈ-કેવાયસી કેમ્પ

**વિદ્યાનગરમાં** વિધવા અને વૃદ્ધ હયાતીની ખરાઈ કરાવવા કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯
આણંદ તાલુકાના ગંગા સ્વરૂપા આર્થિક સહાય (વિધવા સહાય) અને નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થીઓ માટે હયાતીની ખરાઈ (e-KYC) કરાવવી અનિવાર્ય બની છે. આ પ્રક્રિયા સમયસર પૂર્ણ ન કરનાર લાભાર્થીઓની સહાય આગામી સમયમાં અટકી શકે તેવી શક્યતાને ધ્યાને રાખી, આણંદ ગ્રામ્ય મામલતદાર દ્વારા ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આણંદ તાલુકાના લાભાર્થીઓની સુવિધા માટે આગામી ૨૦મી જૂનના રોજ નાના બજાર, વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલી નગરપાલિકાની કચેરીમાં આ કેમ્પ યોજાશે. આ કેમ્પનો સમય સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધીનો રહેશે.

આ કેમ્પમાં હયાતીની ખરાઈ કરાવવા આવતા લાભાર્થીઓએ પોતાનું આધાર કાર્ડ સાથે લાવવું અનિવાર્ય છે અને વેરિફિકેશન માટે પોતાનો મોબાઈલ ફોન પણ સાથે રાખવાનો રહેશે. આણંદ ગ્રામ્ય મામલતદાર દ્વારા તાલુકાના તમામ સંબંધિત લાભાર્થીઓને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા અને પોતાની સહાય અવિરત ચાલુ રહે તે માટે ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પમાં હયાતીની ખરાઈ ન કરાવનારની સહાય અટકી શકે છે.

# ઠાસરા પંથકના ૨ રીઢા તસ્કર પાસા હેઠળ જેલમાં ધકેલાયાં

**ચોરી અને** ઘરફોડ ચોરી જેવા ગંભીર ગુનાઓ આચરી ભય ફેલાવતાં હતાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯
ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયે ઠાસરા તાલુકાના ગોળજ વિસ્તારના રહેવાસી અને અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અર્જુન મફતભાઈ પરમાર અને રણજીત પરમાર વિરુદ્ધ પાસા હેઠળ અટકાયતી હુકમ કરી બન્નેને જેલ મોકલી આપ્યાં છે.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, અર્જુન પરમાર લોકોના માલ-મિલ્કતની ચોરી, ઘરફોડ ચોરી અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતો હતો, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભય અને અસુરક્ષાની લાગણી જન્મી હતી. જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં તેની વિરુદ્ધ નોંધાયેલા ગુના અને પુરાવાને આધારે તેને ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, ૧૯૮૫ હેઠળ ભયજનક વ્યક્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો હતો.

આથી, જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ૧૫મી જૂન, ૨૦૨૬ના રોજ પાસા હેઠળ અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમના આધારે પોલીસ તંત્ર દ્વારા તેની અટકાયત કરી તેને પાલનપુરની જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યો છે.

આ ઉપરાંત ઠાસરા તાલુકાના જલાનગર વિસ્તારના રહેવાસી રણજીત ઉર્ફે રણજો કાળાભાઈ પરમાર વિરુદ્ધ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં લોકોની માલ-મિલકતની ચોરી જેવા અનેક ગંભીર ગુના નોંધાયેલા છે આ ઈસમ પણ ગુનાહિત પ્રવૃત્તિઓ આચરી સ્થાનિકોમાં ભય અને અસુરક્ષાનું વાતાવરણ ઊભું કરતો હતો. આથી, પુરાવાઓના આધારે તેને 'ભયજનક વ્યક્તિ' તરીકે વર્ગીકૃત કરાયો હતો. આ ઈસમ ભવિષ્યમાં પણ પોતાની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખી જાહેર વ્યવસ્થામાં વિક્ષેપ પાડે તેવી પ્રબળ શક્યતા જણાતા, જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ૧૫મી જૂન ના રોજ તેની અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમના અમલીકરણ માટે પોલીસ વિભાગે આરોપીને ઝડપી પાડી જિલ્લા જેલ મહેસાણા ખાતે મોકલી આપ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

**આણંદ** | પ્રધાનમંત્રીના ૧૨ વર્ષના સુશાસન નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રભારી મંત્રી સંજયસિંહ મહીડાની અધ્યક્ષતામાં




પ્રાકૃતિક ખેતી પ્રદર્શન અને પરિસંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીએ જમીન અને માનવ સ્વાસ્થ્યની રક્ષા માટે પ્રાકૃતિક ખેતીને સમયની માંગ ગણાવી ખેડૂતોને પોતાની ૨૫% જમીનમાં આ પદ્ધતિ અપનાવવા અપીલ કરી હતી. આ અવસરે જિલ્લામાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનારા આદર્શ ખેડૂતોને 'બેસ્ટ આત્મા ફાર્મર અવોર્ડ' અને પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી પ્રદર્શનના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

### બિલોદરા જેલમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન' હેઠળ ૫૬૧ કેદીઓનું હેલ્થ સ્ક્રીનિંગ કરાયું



**નડિયાદ** | ખેડા જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરે બિલોદરા જેલની મુલાકાત લઈ કેદીઓના કલ્યાણ અને આરોગ્ય સુવિધાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' અંતર્ગત ૫૬૧ કેદીઓના ચેસ્ટ એક્સ-રે દ્વારા ક્ષયરોગના વહેલા નિદાન માટે આરોગ્ય સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં એક્સ-રે ઉપરાંત હિમોગ્લોબિન, બ્લડ શુગર, બીપી અને BMI જેવી તપાસ કરી કેદીઓને જરૂરી સારવાર પૂરી પાડવા પર ભાર મૂકાયો હતો. ડીડીઓ જેલમાં સ્વચ્છતા, ફોગિંગ અને પીવાના પાણીના ક્લોરીનેશન જેવી રોગપ્રતિકારક કામગીરીનું નિરીક્ષણ કરી સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદની સંતરામ શિશુ વાટિકામાં મહારાણા પ્રતાપ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**નડિયાદ** | સંતરામ મંદિર સંચાલિત શિશુ વાટિકામાં જ્યેષ્ઠ સુદ ત્રીજ (જ્યેષ્ઠ શુક્લ તૃતીયા) ના પવિત્ર દિવસે મહારાણા પ્રતાપ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય દીદી દ્વારા બાળકોને મહારાણા પ્રતાપના શૌર્ય વિશે સમજ આપવામાં આવી હતી અને નાટક દ્વારા તેમની જીવનગાથા રજૂ કરાઈ હતી. શ્રી સંતરામ કેળવણી મંડળના પ્રમુખ મહંત રામદાસજી મહારાજ તથા મંત્રી સંત નિર્ગુણદાસજી મહારાજે આ પ્રસંગે દિવ્ય અખંડ જ્યોતના આશીર્વાદ પાઠવ્યા હતા. બાળકોમાં વીરતા અને સંસ્કારોનું સિંચન કરવાના ઉમદા હેતુ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

### નડિયાદમાં કેશવ ભવાની ટ્રસ્ટ દ્વારા ૮૮૫ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાઇ

**નડિયાદ** | નડિયાદના કેશવ ભવાની જનસેવા ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી પાંચ અલગ-અલગ શાળાઓના કુલ ૮૮૫ બાળકોને



શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં નોટબુક, ચોપડા, પેનસેટ, કંપાસ, વોટરબેગ અને લંચ બોક્સ જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શાળા નં-૧૮, હાથજ, જૂની મેવાડી, જશાપુરા પ્રાથમિક શાળા અને વિનય મંદિરના વિદ્યાર્થીઓને આ સેવાકીય કાર્યનો લાભ મળ્યો હતો. માઇધર્મ પીઠાધીશ્વર હરેન્દ્રમહારાજના આશીર્વાદથી ટ્રસ્ટ દ્વારા દર વર્ષે આ પ્રકારે શિક્ષણ સહાય આપીને સામાજિક જવાબદારી નિભાવવામાં આવે છે.

### આણંદના 'વાયબ્રન્ટ ડિસ્ટ્રીક પ્રોગ્રામ'માં પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો હાજર રહ્યાં

**આણંદ** | આણંદમાં વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત યોજાયેલ 'વાયબ્રન્ટ ડિસ્ટ્રીક પ્રોગ્રામ'માં જિલ્લા વહીવટીતંત્રના વિશેષ આમંત્રણથી પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ મંડળે



હાજરી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડો. જિગ્નેશ (જીગર) જાની, ઉપપ્રમુખ અરવિંદ ભાવસાર અને જોઈન્ટ સેક્રેટરી રાજેશ પટેલ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવી નિમાયેલ કારોબારીના સભ્યો અનમોલ શાહ, ગોવિંદ પરપ્યાની, જયેશ પરિપ્યાની અને હેત કાછીયાએ પણ જોડાઈને કાર્યક્રમની શોભા વધારી હતી. આ મુલાકાત દ્વારા પેટલાદના ઉદ્યોગ જગતે જિલ્લાના વિકાસલક્ષી અભિગમમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

### કપડવંજના ધારાસભ્યએ જન સંઘના પાયાના કાર્યકર સ્વ. વિનોદભાઈ શાહના પરિવારની મુલાકાત લીધી

**કપડવંજ** | વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ શાસન નિમિત્તે 'વિશિષ્ટ



વ્યક્તિ સંપર્ક અભિયાન' હેઠળ ધારાસભ્યએ સ્વ. વિનોદભાઈના પત્ની નયનાબેન સાથે આત્મીય સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે જન સંઘ અને ભાજપના પાયાને મજબૂત બનાવવામાં સ્વ. વિનોદભાઈના ત્યાગ, સમર્પણ અને સંઘર્ષમય દિવસોની યાદો તાજી કરી હતી. ધારાસભ્યએ કેન્દ્ર સરકારના વિકાસલક્ષી કાર્યો અને ઐતિહાસિક નિર્ણયોની વિગતો ધરાવતી વિશેષ પુસ્તિકા પણ પરિવારને ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી. આ મુલાકાત સમયે ગોપાલ શાહ, વિવેક પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### કપડવંજની શાળાઓમાં ૧૦૦૦ બાળકોને ડાબર ઇન્ડિયા અને દોસ્ત ફાઉન્ડેશન દ્વારા કીટ વિતરણ

**કપડવંજ** | કપડવંજ અને કઠલાલ તાલુકાની ૫ પ્રાથમિક શાળાઓમાં બાળકોને ટૂથપેસ્ટ, તેલ અને ક્લીનર જેવી વસ્તુઓનું વિતરણ



કરાયું હતું. ડાબર ઇન્ડિયાના સહયોગથી દોસ્ત ફાઉન્ડેશન દ્વારા ગરીબ પરિવારોના બાળકોને આ જીવનજરૂરી વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. આ સેવાકાર્ય બદલ આચાર્ય મિનેષ પ્રજાપતિ અને શાળા પરિવારે દોસ્ત ફાઉન્ડેશનના અનિલભાઈનો હૃદયપૂર્વક આભાર માન્યો.

### મહીસાગરના ડીટવાસ પોલીસ સ્ટેશનનું નાયબ પોલીસ અધિક્ષક દ્વારા વાર્ષિક ઇન્સ્પેક્શન કરાયું

**સંતરામપુર** | મહીસાગરના સંતરામપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જી. એલ. ચૌધરીએ ડીટવાસ પોલીસ મથકની વર્ષ ૨૦૨૬ની




વાર્ષિક કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી. એ. ચૌધરી દ્વારા તેમનું સ્વાગત કરાયું અને ગુના રજીસ્ટર સહિત વહીવટી રેકોર્ડની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તેઓએ કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત કરવા અને અસામાજિક પ્રવૃત્તિઓ ડામી દેવા પોલીસ ટીમને જરૂરી સૂચનો અપાયા હતા. અરજદારોની ફરિયાદોનો ત્વરિત નિકાલ કરી કામગીરી વધુ પારદર્શક અને લોકાભિમુખ બનાવવા સ્ટાફને વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પમાં ૯૯ બાળકોએ લાભ લીધો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે ૦ થી ૧૫ વર્ષના બાળકો માટે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી.એચ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને ફાર્મ મજૂરોના કુલ ૯૯ બાળકોએ આ સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પમાં એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગર અને યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના નિષ્ણાત સ્ટાફ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

### આણંદની સીઇએસ એકેડમીએ શિમલા રાષ્ટ્રીય નાટ્ય સ્પર્ધામાં ત્રણ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ જીત્યા

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત 'CES પરફોર્મિંગ આર્ટસ એકેડમી'એ શિમલામાં યોજાયેલ AIAA નેશનલ ડ્રામા




કોમ્પિટિશનમાં શાનદાર દેખાવ કરી ત્રણ એવોર્ડ્સ સાથે સમગ્ર પ્રદેશનું નામ રોશન કર્યું છે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં 'બસ્તી કી પાઠશાલા' નાટકને ત્રીજો શ્રેષ્ઠ એવોર્ડ, દેશાશ્રી ડાંગરને શ્રેષ્ઠ અભિનેત્રી અને દેવાંગ સુથારને સેટ ડિઝાઇનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. અજય ભોઈ લિખિત અને કુમાર ભોઈ-હેલેન પિન્ટો દ્વારા નિર્દેશિત આ નાટકમાં સંસ્થાના પ્રતિભાશાળી કલાકાર વિદ્યાર્થીઓએ પોતાની કલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અનેરું ગૌરવ અપાવ્યું છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ સોસાયટીના મંત્રી કેતનકુમાર પટેલ અને અન્ય પદાધિકારીઓએ વિજેતા ટીમ, દિગ્દર્શકો અને કલાકારોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં બીજારોપણ સાથે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરાઇ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સ્કૂલ ખાતે



પર્યાવરણ જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં વિવિધ વનસ્પતિના બીજનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળીનો સંદેશ ફેલાવ્યો હતો. આચાર્ય કાર્તિકકુમાર પટેલે પર્યાવરણના જતનને આજના સમયની તાતી જરૂરિયાત ગણાવી વિદ્યાર્થીઓના પ્રયાસોને બિરદાવ્યા હતા. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે વિદ્યાર્થીઓના આ સરાહનીય આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.